# ઇનામોત્સવ તમેજ વાર્ષિકોત્સવ રમઝટ -2019

ઓ.કે.સી.શૈક્ષણિક સંકુલ માં તા. 02/03/2019 ને શનિવાર ના રોજ " ઇનામોત્સવ તેમજ વાર્ષિકોત્સવ રમઝટ -2019" નો રંગબેરંગી કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં શાળા ના આશરે 400 વિધાર્થીઓએ મનમોહક સાંસ્કૃતિક કૃતિઓમાં ભાગ લીધો હતો.શાળા ના સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન થતી શૈક્ષણિક પ્રવૃતિઓ અને સહશૈક્ષણિક પ્રવૃતિઓમાં સિધ્ધિ હાંસલ કરનાર વિધાર્થીઓને ઇનામ અને પ્રમાણપત્રા અર્પણ કરી પોત્સાહિત કર્યા.એટલુ જ નહી પણ "બેસ્ટ ટીચર્સ," "બેસ્ટ સ્ટુડન્સ" ની પણ પસંદગી કરી પોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત શાળા ના ભૌતિક વિજ્ઞાનના શિક્ષકશ્રી નિરવભાઇ ત્રિવેદીએ શાળાને રાષ્ટ્રીય ફલક સુધી પ્રસિધ્ધ કરી શાળાને "અટલ લેબ" પ્રાપ્ત કરવા બદલ "ગોલ્ડ મેડલ" એનાયત કરી પોત્સાહિત કરવામાં આવ્યા હતાં. તેવી જ રીતે શ્રી એમ.બી.પટેલે "ખેલમહાકુંભ"માં મહીસાગર જિલ્લામાં સૌથી વધુ વિધાર્થીઓને ભાગ લેવડાવીને લુણાવાડા તાલુકા માં શાળાને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરાવી "ગોલ્ડ મેડલ" એનાયત કરી પોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

"માર્ચ 2018 બોર્ડ" ની પરીક્ષા ધો–10 અને ધો–12 માં શાળા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિધાર્થીઓને સ્વ.કંચનલાલ મોતીલાલ પટેલ સાહેબ ના સ્મરણાર્થે "ફેલોશીપ શિષ્યવૃતિ" રૂપે "ગોલ્ડ મેડલ" એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું.

શાળાના સાંસ્કૃતિક અને ઇનામોત્સવ રમઝટ -2019 ના કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના અધિક નિવાસી કલેકટર શ્રી આર.આર.ઠક્કર સાહેબ,જિલ્લા પોલીસ વડા સુશ્રી શ્રીમતિ ઉષાબેન રાડા મેડમ,નરેશભાઇ સાહેબ,શ્રી જે.એસ.પટેલ સાહેબ શિક્ષણ નિરીક્ષક શ્રી મહીસાગર જિલ્લાના પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહીને શાળાના વિધાર્થીઓને પોતાના વરદ હસ્તે ઇનામો અને પ્રમાણપત્રા અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સિધ્ધિના શિખરો સર કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

શાળાના ઇન્ચાર્જ આચાર્યશ્રી એચ.વાય પટેલ સાહેબે શાળાનો શૈક્ષણિક અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.ત્યારે બાદ શાળા પ્રમુખશ્રી મૌલિકભાઇ કે પટેલ સાહેબે શાળાના વિધાર્થીઓ દેશના ઉત્તમ નાગરીકો બને અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શાળાનું નામ સમગ્ર દેશમાં રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.અને સમગ્ર કાર્યક્રમ નિહાળનાર સૌ શ્રોતાજનોનો આભાર વ્યકત કર્યો હતો.સમગ્ર ઇનામોત્સવ તમેજ વાર્ષિકોત્સવ કાર્યક્રમનું સફળ સંચાલન શાળા શિક્ષક એચ.આર.પંચાલ અને ડી.એન.ગોસાઇ સાહેબશ્રીએ કર્યું હતું.


રમઝટ
ORC Sankul
ORC Sankul




OKC Sankul
OKC Sankul


રમઝટ ૨૦૧૯
SPARK


રમઝટ ૨૦૧૯


રમઝટ ૨૦૧૯
OKC Sankul



